જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૨/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૫૬/૧૫**

**"સેકટર.૨ સ્કોર્ડે ૩૭ તોલા સોના તથા ૧૨ તોલા ચાંદીના દાગીના સાથે તાજેતરમાં બનેલ સમય ટ્રાવેલ્સમાંથી થયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કુલ્લે કિ.રુ.૧૦,૦૫,૪૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીની ધરપકડ કરી"**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓએ સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા માણસોને આપેલ સુચના આધારે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સ્કોર્ડને મળેલ ખાનગી અને ચોકકસ આધારભુત બાતમી હકિકત આધારે નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી (૧) હેમંત સ/ઓ કુન્દનલાલ ખોપચંદ મેઘાણી ઉવ.૩૮ રહે.'પુરુષાર્થ', શેરી નં.૩, રણજીતનગર, જામનગર, (૨) જલ્પેશ સ/ઓ અનીલભાઇ ઝવેરચંદ મહેતા ઉવ.૩૫ રહે.બી/૩૮, રણજીતનગર, જામનગર નાઓને ચોરીના મુદ્દામાલ સાથે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ૩૭ તોલા સોનાના તથા ૧૨ તોલા ચાંદીના દાગીના, મોબાઇલ ફોન મળી કુલ્લે કિ.રુ.૧૦,૦૫,૪૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બનેલ ટ્રાવેલ્સમાંથી થયેલ સોના-ચાંદીના દાગીની ચોરીનો ભેદ ઉકેલી બન્ને આરોપીઓને નરોડા પો.સ્ટે.સોંપવાની તજવીજ હાથ ધરેલ છે.

આ ગુનામાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી કોમલબેન સુનીલભાઇ નંદા રહે.કુબેરનગર નાઓ લગ્ન પ્રસંગે જામનગર ગયેલ પોતાના સોના-ચાંદીના દાગીના લઇ પોતાના પિતરાઇ ભાઇ હેમંત મેઘાણી રહે.જામનગર નાઓ સાથે પરત આવતાં હતાં તે દરમ્યાન દાગીના ભરેલ પર્સની ચોરી થયેલ જે અંગેનો ગુનો નરોડા પોલીસ સ્ટેશનમાં તા.૪.૧૨.૧૫ ના રોજ રજીસ્ટર કરવામાં આવેલ.

પકડાયેલ આરોપી નં.૧ હેમંત મેઘાણી ફરીયાદી કોમલબેન નંદાનો પિતરાઇ ભાઇ થાય છે અને જામનગર ખાતે શેરબજારનુ કામકાજ કરે છે અને શેરબજારમાં મોટુ નુકસાન થવાથી પોતાના મિત્ર આરોપી નં.૨ જલ્પેશ મહેતા કે જે જામનગરમાં કોમ્પ્યુટર જોબવર્કનુ કામ કાજ કરે છે તેને સાથે રાખી અગાઉથી કાવતરુ ઘડી કાઢી પોતાની બહેનના જ દાગીનાની ચોરી કરી કરાવવા માટે આરોપી નં.૧ નાએ પોતે પોતાના પિતરાઇ બહેન (ફરીયાદી) કોમલબેનને પોતાના સાસરે મુકવા જવા તૈયાર થઇ પોતાની તથા પોતાના બહેનની ટીકીટ સમય ટ્રાવેલ્સમાં આજુબાજુમાં બુક કરાવી તથા પોતાના સાગરીત મિત્ર આરોપી નં.૨



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ની ટીકીટ ટ્રાવેલ્સમાં છેલ્લી સીટ ઉપર બુક કરાવી અને જામનગરથી સમય ટ્રાવેલ્સમાં અમદાવાદ આવવા નિકળેલ જે દરમ્યાન બહેન સુઇ જતાં તકનો લાભ લઇ દાગીના ભરેલ પર્સ લઇ આરોપી નં.૨ ને આપી ઇસ્કોન મોલ પાસે ઉતારી દઇ આરોપી નં.૧ હેમંત મેઘાણી પોતાના બહેન સાથે નરોડા પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવવા ગયેલ અને આ ગુનાના સાહેદ બની ગયેલ.

આમ ઉપરોક્ત પકડાયેલ બન્ને આરોપીઓએ તાજેતરમાં સમય ટ્રાવેલ્સમાં બનેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કુલ્લે કિ.રૂ.૧૦,૦૫,૪૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ઉપરોક્ત બે આરોપીઓની ધરપકડ કરી આરોપીઓનો કબ્જો નરોડા પોલીસ સ્ટેશન સોંપી વધુ તપાસ હાથ ધરેલ છે.ઉપરોક્ત આરોપીઓએ આ સિવાય અન્ય કોઇ ગુનાઓ આચરેલ છે કે કેમ તેમજ અન્ય ગુનાઓમાં ગયેલ મુદ્દામાલ કયા સંતાડેલ છે અને કોને વેચેલ છે તેમજ અન્ય કોઇ આરોપી ઉપરોક્ત ગુનાઓમાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં હાલ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)